નવી બાબત : ૨૦૨૨-૨૩

રાજ્યમા ૬૦ વર્ષથી વધુ વયના ટેલીમેડીસીનના લાભાર્થીઓ માટે ડોર સ્ટેપ સેમ્પલ કલેક્શન સર્વિસ યોજના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બીયુડી/૧૦૨૦૨૨/ન.બા.-૩૬/બ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૧૧/૧૦/૨૦૨૨

વંચાણમાં લીધા:-

(૧) અધિક નિયામકશ્રી(જા.આ.), કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગરના તા.૦૭/૦૫/૨૦૨૨ના પત્રક્રમાંકઃગ્રા.આ./એમ.એન.વાય/નવી બાબત/૦૨/૨૦૨૨-૨૩/ડી-૨૨ થી કરેલ દરખાસ્ત.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનુ ૨૦૨૨-૨૩ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રકાશન નં. ૧૧ના પાના નં.૫૧, ૨૧૯, ૨૪૧.

પ્રસ્તાવના:-

વૃદ્ધ લોકો કોઈપણ સમાજ માટે મૂલ્યવાન સ્ત્રોત છે. વૃદ્ધત્વ એ તકો અને પડકારો સાથેની કુદરતી ઘટના છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ના મતે ૨૦૧૫ અને ૨૦૫૦ ની વચ્ચે, ૬૦ વર્ષથી વધુની વિશ્વની વસ્તીનું પ્રમાણ લગભગ ૧૨% થી વધીને ૨૨ % થઈ જશે. ૨૦૫૦ માં, ૮૦ % વૃદ્ધ લોકો ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં રહેતા હશે. વસ્તી વૃદ્ધત્વની ગતિ ભૂતકાળ કરતાં ઘણી ઝડપી છે. વસ્તી ગણતરી ૨૦૧૧ મુજબ ભારતમાં લગભગ ૧૦૪ મિલિયન વૃદ્ધ વ્યક્તિઓ (૬૦ વર્ષ કે તેથી વધુ વયના) છે; જયારે ગુજરાત માં ૫.૭ મિલયન છે. ગુજરાત રાજ્યમાં બીન ચેપી રોગોનુ ભારણ પણ ખુબ વધુ છે. જેમા ડાયાબીટીસ, હૃદયરોગ, બ્લ્ડ પ્રેશર અને સ્ટ્રોક નો સમાવેશ થાય છે. વૃદ્ધોની સંખ્યા વધતા, જાહેર આરોગ્ય ક્ષેત્રે નવા પડકારો ઉદ્ભભવતા હોય છે. જેમકે સમુદાયમા લાંબા ગાળાની બીમારીઓમાં (chronic Disease)વધારો, સાથે સાથે તેને પહોંચી વળવા જરુરી ઉપકરણો ની પ્રાઈમરી, સેકન્ડરી અને ટર્શરી કેર હોસ્પિટલોમા વ્યવસ્થા કરવી. સમુદાયમા મોર્બીડીટી (Morbidity)નુ પ્રમાણ વધે છે અને તેથી ડિસએબીલીટી એડજસ્ટેડ લાઈફમા (DALYs) વધારો થાય છે. આ પ્રકારના દર્દીઓ કોઈ પણ ચેપ માટે વધુ સંવેદનશીલ હોય છે અને તેમની રોગમુક્ત થવાની પ્રક્રિયા પણ સામાન્ય દર્દીના મુકાબલે ઘણી ઓછી હોય છે. આવી પરિસ્થીતીને ટાળવા વહેલુ નિદાન અને ત્વરિત સારવાર એક ઉપાય છે. વિભક્ત કુટુંબપ્રથા અને વધતાં જતાં શહેરીકરણની વ્યસ્ત જીવનશૈલીને કારણે વૃદ્ધોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેવી કે શારીરીક બિમારી, ઘરનાં લોકો દ્વારા પણ પુરતી કાળજી/સાર સંભાળ ન લેવાતી હોય, આર્થિક પરાવલંબીતા, એકાંકીપણાંનાં કારણે અનુભવાતી

માનસિક હતાશા એ સ્વસ્થ જીવનને મુશ્કેલ બનાવે છે. હોસ્પિટલો ખાતે સારવાર અર્થે જતા તેઓને વારંવાર અલગ અલગ વિભાગોમા જઈને સારવાર લેતા ખુબ મુશ્કેલી પડતી હોય છે, ઘણા વરિષ્ઠ નાગરીકો ઘરથી બહાર અવર જવર કરવામા અસમર્થ અથવા અન્ય પર આધારિત હોય છે. આવી પરિસ્થિતીમા અવિરત સાર સંભાળ રાખવી મુશ્કેલ બને છે.

આમ, સમગ્ર રાજ્યમાં ટેલીમેડીસન-કન્સલટેશન અંતર્ગત ૬૦ વર્ષથી વધુ વયના લોકોને ઘરે બેઠા લેબોરેટરી ટેસ્ટ સેમ્પલ કલેક્શન યોજનાના અમલીકરણ માટે રૂ.૫,૦૦,૦૦,૦૦૦/-(અંકે પાંચ કરોડ પૂરા)ની જોગવાઇ ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક-(૨) મુજબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવા માટે ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક- (૧)માં દર્શાવેલ અધિક નિયામકશ્રી (આ)ના તા.૦૭-૦૫-૨૦૨૨ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

આથી પુખ્ત વિચારણાને અંતે રાજ્યમા ૬૦ વર્ષથી વધુ ઉમરના દર્દીઓને ઘર આંગણે લેબોરેટરી તપાસ પણ મળી રહે અને તેઓ દ્વારા આરોગ્ય કેન્દ્રોની મુલાકાત લીધા સિવાય તેમના લેબોરેટરી ટેસ્ટ રીઝલ્ટ પણ તેમેને મળી શકે તે માટે ડૉર સ્ટેપ સેમ્પલ કલેક્શન યોજનાને અમલ કરાવવા માટે રૂ.૫,૦૦,૦૦,૦૦૦/-(અંકે પાંચ કરોડ પૂરા)ની જોગવાઇ નવી બાબતને સને ૨૦૨૨-૨૩ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઈને નીચે દર્શાવેલ શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

➢ **યોજનાની રુપરેખા:**

- **આ યોજનાનો અમલ પાયલોટ પ્રોજેક્ટ તરીકે ચોક્કસ વિસ્તારમાં કરવાનો રહેશે.**

- **વિઝન**

  દરેક વરિષ્ઠ નાગરીક ને ટેલીકમ્યુનીકેશન અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના માધ્યમથી ઝડપી નિદાન સાથે અવિરત સાર-સંભાળ મળે અને ડીસએબીલીટી એડજસ્ટેડ લાઈફ યર્સમાં ઘટાડો કરી ક્વોલીટી લાઈફ યર્સમાં વધારો કરી શકાય.

- **હેતુ**

  ટેલીમેડીસીન સેવા મારફતે ૬૦ વર્ષથી વધુ ઉમરના દર્દીઓને લેબોરેટરી તપાસની સેવાઓ તેઓના ઘરેથી જ પુરી પાડી ઝડપી નિદાન કરવુ તેમજ કોમ્પ્લીકેશન અટકાવવુ અને હોસ્પિટલાઈઝેશન ઘટાડવુ.

  વયોવૃદ્ધ દર્દીઓને આરોગ્યલક્ષી સેવા મેળવવુ સરળ બનાવવું અને તેમને સેવાઓ મેળવવા સ્વાવલંબી બનાવવા.

  ઝડપી નિદાનથી આરોગ્ય સેવાઓ પર ભારણ ઘટશે અને ગંભીર લક્ષણોને અટકાવી શકાશે.

➤ **<u>લાભાર્થી</u>:**

આ યોજના માટેના લાભાર્થી રાજ્યના તમામ ૬૦ વર્ષથી વધુ ઉંમરના દર્દીઓ રહેશે કે જેમણે ટેલીમેડીસીન મારફતે સેવા લીધી છે અને તે દરમ્યાન તબીબે તેઓને લેબોરેટરી તપાસ માટે સલાહ આપી છે.

➤ **<u>અમલીકરણ</u>:**

આ યોજનાનું અમલીકરણ સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમા કરવામા આવશે.

➤ **<u>મુખ્ય સેવાઓ</u>**

- દર્દીને ટેલીકન્સલ્ટેશન અંતર્ગત લેબોરેટરી સેવાઓ સીધા તેઓના ઘરેથી પુરી પાડી શકાશે.
- દર્દીના ઘરેથી લોહી/પેશાબ/ગળફાના નમુના લઈને લેબોરેટરી ખાતે તપાસ અર્થે મોકલાશે.
- લેબોરેટરી રીપોર્ટને દર્દીને સારવાર આપતા ડોક્ટર સુધી પહોચાડી, દર્દીને આગળની સાર સંભાળ પુરી પાડવામા આવશે.
- લેબોરેટરી તપાસના આધારે જોખમી જણાતા દર્દીઓને વધુ સારવાર માટે પરામર્શ/માર્ગદર્શન આપવામા આવશે

➤ **<u>કાર્યપદ્ધતિ</u>**

- ટેલીકન્સલ્ટેશનનાં માધ્યમથી ૬૦ વર્ષથી વધુ ઉંમરના દર્દી ડોકટર ની સલાહ દ્વારા સૂચવેલ સેમ્પલ નિયત કરેલ એજન્સી દ્વારા લેવામાં આવશે
- સેમ્પલ કલેક્શન એજન્સી દ્વારા નિયુક્ત કરવામાં આવેલ વ્યક્તિ દ્વારા કલેક્ટ કરી નમુનાને સરકારી દવાખાનાંમા પરિક્ષણ માટે આપવામાં આવશે. (લોજીસ્ટીક/કંસ્યુમેબલ એજન્સી દ્વારા ફાળવવામાં આવશે)
- સૂચવેલ બધાજ લેબોરેટરી ટેસ્ટ જ્યા સુવિધા હોય તે સરકારી દવાખાના ખાતે કરવામાં આવશે. (CHC, SDH, DH, MCH)
- એજન્સીના વ્યક્તિ સતત સરકારી દવાખાના સાથે સંકલનમાં રહી રીપોર્ટ મેળવીને ઈસંજીવની સોફ્ટવેરમાં અપલોડ કરશે.
- એજન્સી દ્વારા અપલોડ કરેલ રીપોર્ટ દર્દી અને ડોક્ટર બંને જોઈ શકશે
- ટેલીકન્સલ્ટેશન મારફતે સારવાર કરનાર તબીબ રિપોર્ટ જોઈ દવા આપશે

➤ **ખર્ચ બજેટના સદર :-**

❖ આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદરે ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | - | ૩૯ |
| મુખ્ય સદર | - | ૨૨૧૦ તબીબી અને જાહેર આરોગ્ય |
| પેટા મુખ્ય સદર | - | 03 ગ્રામીણ આરોગ્ય સેવાઓ |
| ગૌણ સદર | - | ૧૦૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો |
| પેટા - સદર | - | ૦૧-એચએલટી-૩૪ પ્રાથમિક આઓગ્ય કેન્દ્રો |

આ હુકમ E-SARKAR માં ફાઇલ ક્રમાંક: HFWD/NEI /e-file/7/2022/0007/B (Rural health) પર નાણા વિભાગની તા.૨૨/૦૯/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(તુષાર પટેલ)
સેકશન અધિકારી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ), બ્લોક-૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી(આ),કમિશનરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, બ્લોક-૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આરોગ્ય), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રીની પસંદગી ફાઈલ.
- શાખાની પસંદગી ફાઈલ.
- સીસ્ટમ મેનેજરશ્રી (આરોગ્ય) તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ.